Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૩ જું. વિક્રમ સંવત્ ૧૯૬૨— જેઠ. અંક ૧૧ મો.

## ગુરૂ સ્તુતિ.

### શિખરિણી.

ત્યજી જેણે રમ્યા રમણી રમણીયા નવ ગણી;
ત્યજી વા'લી લક્ષ્મી [1]વિકટ વનિતા શું ફણી તણી;[2]
ત્યજી મન્દિરોની મનહર મણિની નિસરિણી,
ભજી લ્યો ભાવે એ મુનિપતિ સદા સંયમધની.[3] તંત્રી.

## શ્રી હીરસૂરિ પ્રબંધ.

(અનુસંધાન ગયા અંકથી).

સૂરીશ્વરજી (શ્રી હીરવિજયજી) એ વિહાર કર્યો એટલે રસ્તે ખંભાતનગરે થઇ ગુજરાતની રાજ્યધાની અમદાવાદ આવ્યા. ત્યાં શ્રી સંઘે સામૈયું કરી એમને ઉપાશ્રયે આણ્યા. ઉપાશ્રયને

૧ ભયંકર. ૨ ફણીની વનિતા શું: ફણી એટલે સર્પ-તેની વનિતા એટલે સાપણ તેની પેઠે. ૩ સંયમ એજ છે ધન જેનું એવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષે શ્રોતાજનોને અત્યુત્તમ દેશના વચન શ્રવણ કરાવીને ત્યાંથી શ્રી મેસાણા–સિદ્ધપુર–પાલણપૂર થઈ ચરોતર પધાર્યા. આ વખતે પર્યુષણ પર્વ આવ્યાં એટલે ભક્ત શ્રાવકોએ સૂરીજીને કાર્તિક ચોમાસા સુધી ત્યાંજ સ્થિરતા કરવાની વિનંતી કરી. પણ " અકબર બાદશાહ બડો કાફર છે—તેની આજ્ઞામાં રહેવાની જરૂર છે: નહિતો પશ્ચાતાપ કરવાનો વખત આવશે " એવી રીતે કહીને સૂરીશ્રીએ ચાલવા માંડયું. ત્યારે શ્રી સંઘે ત્યાંના પલ્લીપતિ ભીલને " અમારા રાખ્યા નહીં રહે, તમારા રાખ્યા રહેશે " કરીને કહ્યું. તે પરથી એ ભીલ પલ્લીપતિએ, અમે કાંઇ ઓછા બળવાન નથી, તમારે દીલ્લીપતિનો અંશમાત્ર પણ ભય ન રાખવો એમ કહી સૂરીજીને ત્યાંજ રોકયા. સૂરીશ્રીએ સંવત્સરી પ્રતિક્રમણ સુધી ત્યાં રહેવાની હા કહી. સંઘ તો એટલાથીએ આનન્દ પામ્યો. પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વ નિર્વિઘ્ને પસાર થયાં, તપશ્ચર્યા સારી થઇ, યાચકવર્ગને દાન સન્માનાદિક મળ્યાં, પૂજાપ્રભાવના પ્રમુખ કરણી પણ રૂડી રીતે કરવામાં આવી—એમ ધર્મનો મહિમા અતિ દેદિપ્યમાન થયો. ખરૂંજ છે કે મ્હોટા પુરૂષ આવ્યે લાભજ લાભ.

સંવત્સરી પારણું કરી બીજે દિવસે ત્યાંથી વિહાર કરી સૂરીજી મજલ દડમજલ ચાલતા ચાલતા દીલ્લીથી બાર કોસ દૂર રહ્યા. એટલે થાનસીંગ અને ટોડરમલ્લને ખબર મોકલાવ્યા. અકબર બાદશાહ પણ હીરસૂરીજી આવ્યા સાંભળી બહુજ રાજી થયો. અને એમના માટે સામૈયામાં પોતાના રાજ્યનો તમામ અસબાબ—હાથી, ઘોડા, રથ, પાલખી અને ફોજ સુદ્ધાં જોઇએ તો લઇ જાઓ એમ થાનસીંગને કહ્યું. આમ બાદશાહનો અતિ ઉછરંગ જોયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરમાન જોઈ એ બન્ને મ્હોટી ધામધુમ સહિત સામૈયું લઈ જઇ ગુરૂજીની સામા ગયા. દૃષ્ટિએ દ્રષ્ટિ મળી ત્યાંથીજ નમન કરતા પાસે જઈ વિધિ સહિત વાંદીને બેઠા. ગુરૂશ્રીએ પણ ધર્મલાભ કહ્યા. પણ એમના જેવા દીવાન છતે પોતાને ત્રણસો કોસથી—અને તે પણ ચોમાસા જેવા કાળમાં, આવવું પડયુ—માટે સાથે એમને શાબાસી (?) પણ આપી. ત્યારે થાનસીંગ—ટોડરમલ્લે 'પાદશાહ પાસે અમારૂં કંઇપણ ચાલતું નથી' કહી, પાદશાહને ઓલીઆ ફકીર મળેલા છે તે સંબંધી તમામ વાત કહી ખુલાસા કર્યો. વળી બોલ્યા જે આપ હવે અહીં પધાર્યા છો તો સર્વે રૂડા વાનાં થશે, આપણા ધર્મનો મહિમા વધશે, માટે કંઇપણ ચિંતા કરવી નહીં.

આમ વાતચિત કર્યા પછી સામૈયાને પાછું ફરવાનો હુકમ કરી, મ્હોટા ઉત્સવ પૂર્વક શુભ મુહૂર્તે સૂરીશ્રીને દીલ્લીમાં પ્રવેશ કરાવ્યો. ફરતા ફરતા ઉપાશ્રયે આવ્યા ને ઉચિત સ્થાનકે બેઠા એટલે ભકત જનોએ મોતીએ વધાવ્યા. લાભા લાભના જાણનારા ગુરૂશ્રીએ અવસરને ઉચિત અમોઘ દેશના માંગલિક નિમિત્તે દીધી.

सकलकुशलवल्ली पुष्करावर्त्त मेघः
दुरित तिमिरभानुः कल्पवृक्षोपमानः ।
भवजलनिधिपोतः सर्व संपत्तिहेतुः
स भवतु सततं वः श्रेयसे शान्तिनाथः' ॥ १

૧ સકલ કુશલતા રૂપી વેલડીને પુષ્કરાવર્ત મેઘ સમાન પોષણુ આપનાર, સર્વ વિઘ્નોરૂપી અંધકારને સૂર્યની પેઠે નાશ કરનાર, કલ્પવૃક્ષની પેઠે મનવાંછિત આપનાર, સંસાર સમુદ્રને વિષે વહાણની પેઠે તારનાર, સર્વ સંપત્તિઓના હેતુરૂપ, એવા શ્રી શાંતિનાથ ભગવાન્ નિરંતર તમારા શ્રેયને અર્થે હો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जिनेन्द्रपूजा गुरुपर्युपास्तिः
सत्वानुकंपा शुभपात्रदानम् ।
गुणानुरागः श्रुतरागमस्य
नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥१

ઈત્યાદિ ભવ્ય દેશનામૃતનું સર્વ ભવ્ય જીવોને પાન કરાવી સંતુષ્ટ કર્યા. સભા વિસર્જન થઈ; અને શ્રોતાઓ સર્વ વૈરાગ્ય રંગે રંગાતા પોતપોતાને સ્થાનકે ગયા.

હવે વળતે દિવસે થાનસીંગ પાદશાહ પાસે જઈ સલામ કરીને ઉભો રહ્યો એટલે પાદશાહે હીર ગુરૂજીના કુશળ સમાચાર પૂછી કરી, કહ્યું કે,—એમને કાલે અહીં બોલાવી લાવો તો અમે એમના દર્શન કરીને પવિત્ર થઈએ. થાનસીંગે આ વાત ગુરૂને કહી એ ઉપરથી સંઘ સહિત પોતાના ઘણા સાધુઓને લઇને સૂરીશ્વર કચેરીમાં આવ્યા. પાદશાહે તખ્તથકી નીચે ઉતરી સલામ કરી સામા આવી પોતાની પાસે અંદર આવવા કહ્યું, પણ “ અમારો ત્યાં સુધી આવવાનો ધર્મ નથી” એમ કહી એઓ ત્યાંજ બેસવાનું કરવા લાગ્યા. પાદશાહે કારણ પૂછતાં જણાવ્યું કે “ ઘણા દિવસ થયાં આ ગાલીચા બીછાવેલાછે તેની નીચે કોઇ કીડી મંકોડી આદિ જીવ આવેલા હોય તેવા ગાલીચાપર પગ મુકવાથી એ જીવોની વિરાધના થાય–તો પછી આગળ એનો જવાબ પરમેશ્વરને શો દેવાય ? પાદશાહ આશ્ચર્યમાં પડયો—સોના રૂપાની ભીંતો

૧ જિનેશ્વરની પૂજા, ગુરૂની ભક્તિ, સર્વ જીવો પ્રત્યે દયા, ઉત્તમ પાત્રને દાન, ગુણીજન તરફ રાગ-સ્નેહ અને શાસ્ત્રોનું શ્રવણ, આ છ મનુષ્ય જન્મ રૂપી વૃક્ષનાં ફળ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, હીરા મોતીની જ્યાં જડેલી છે એમાં તે એ જીવજંતુ કયાંથી હોઈ શકે—એમ કહી ગાલીચા ઉપડાવા હુકમ કર્યો. હીર ગુરૂએ પોતાની પાસે રહેલા માલદેવ સામું જોયું. માલદેવે વીરનું સ્મરણ કર્યું—એ યોગને લીધે ગાલીચો ઉઠાવ્યો કે તુરત અનન્ત સૂક્ષ્મ બાદર જીવજન્તુઓના થર ને થર જોઈને કચેરીના માણસો અને પાદશાહ પણ બહુ આશ્ચર્ય પામ્યો—અહો ખુદા ! આ સ્થળને વિષે આટલા જીવજન્તુ ક્યાંથી આવ્યા ? આ હીરગુરૂજ ખરેખર સાચા છે. બીજું બધું ખોટું છે, તમને જેવા સાંભળ્યા છે, તેવાજ તમે હીરગુરૂ છો—એમ કહીને એમને પગે પડયો. પછી ગુરૂ શ્રી પોતાને ઉપાશ્રયે આવ્યા.

આ વખતે દીલ્લીમાં મકનશાહ નામે કોઈ મલાણીઓ ફકીર રહેતો હતો. તે બહુ કરામતવાળો હતો. તેથી પાદશાહે એનું 'જગત ગુરૂ' એવું નામ પાડયું હતું. આ ફકીર હીર ગુરૂનું નામ સાંભળીને પાદશાહ પાસે આવ્યો. એટલે કારણ જાણી પાદશાહે હીર ગુરૂને પણ બોલાવ્યા. એક બીજા સામ સામાની વિદ્યા બતાવવાનું કહેવા લાગ્યા. ફકીરે પહેલ કરી– પોતાની ટોપી લઇ આકાશે ઉડાડી; ત્યારે જગમાલે ઓઘો મંત્રીને પાછળ મૂકયો એ ઓઘો ટોપીને મારતો મારતો નીચે લાવ્યો. પાદશાહે આ બનાવથી અચંબો પામી, ફકીરને હીર ગુરૂજીને પગે લગાડયો. પણ એણે નિરાશ ન થતાં બીજો ઇલમ બતાવાની તજવીજ કરી. પોતાની કરામતવાળી કંથાને ચોકમાં ફેંકી દઇને હરકોઈ બળવાનને એ ઉઠાવવાનું કહ્યું. પણ પાદશાહનો મલ્લહારી હાથી આવ્યો એનાથીએ એ હલાવી હાલી નહીં— તો પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાડી તો ઉપાડાયજ શેની ? પાદશાહે હીર ગુરૂ સામું જોયું. હીર ગુરૂએ માલદેવ ભણી દ્રષ્ટિ કરી. એણે પાદશાહને પૂછયું—આપ કહો એ રીતે એ ઉઠાવું. પોતાના હાથમાં સળીમાં પરોવેલો ફુલનો ગજરો હતો તે જગમાલ (માલદેવ) ને આપીને પાદશાહે એની વતી ઉપાડવાનું કહ્યું. એટલે વીરને બળે એ ગોદડી માલદેવે ઉપાડીને ઉછાળી તે જઈ યમુનામાં પડી. ફકીર પોતાનું કંઈ ચાલ્યું નહીં જોઈ ઝાંખો પડયો. પછી હીર ગુરૂ પોતાને ઉપાશ્રયે ગયા.

પાછળ એ મલાણીઓ ફકીર પાદશાહને કહેવા લાગ્યોઃ એક મોટી બકરી લાવીને અહિં ખાડો ખોદીને તેમાં રાખો, ઉપર પાટીઆં પાથરી તે પર ગાલીચા બીછાવી પછી હીરગુરૂને બોલાવો. એટલે એમની વિદ્યાની ખબર પડશે. આવું સાંભળી એના કહેવા પ્રમાણે કરી હીરગુરૂને બોલાવવામાં આવ્યા. પૂર્વની પેઠેજ ગુરૂશ્રી તો આવીને ઊભા રહ્યા. પરંતુ આઘા ગયા નહીં. પાદશાહે કારણ પૂછતાં ' ગાલીચા નીચે જીવ છે ' એમ કહ્યું. કેટલા જીવ છે તો કહે ત્રણ જીવ છે. આ સાંભળીને પેલો મલાણીઓ ફકીર ખુશ ખુશ થઇ ગયો જે હીરગુરૂ હવે હાર્યા. તે બોલ્યો—હીરગુરૂજી, વિચારીને બોલો, નહિં તો હારી જશો. એક જીવ છે, ત્રણ નથી. પણ માલદેવ કહે—અમારૂં કહેવું સાચું છે, તમે ખોટા છો. પાદશાહે પણ ફકીરની વાત ખરી માની કારણ કે પોતે એ જાણતો હતો. પણ પ્રત્યક્ષ કરવા ફરમાન આપી ગાલીચો ઉપડાવ્યો તો પાટીઆં ખસેડતાં અંદર ત્રણ જીવ નજરે પડયા. બકરી ગાભણી હતી તેનો, અંદર રહેવાથી બહુ બફારાને લીધે, અકળાઈ જઇ ગાભ છૂટયો, ને બે બચ્ચાં અવતર્યાં. એટલે એક બકરીને બે બચ્ચાં મળીને ત્રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ થયા. પાદશાહ પણ એ જોઇને વિશેષ આશ્ચર્યમાં પડયો. હીર ગુરૂ સાચા ને ફકીર ખોટા પડયા.

આથી તો બહુજ ઝંખવાણો પડી ગયેલા મકનશાહે ઓલીઆની સહાયથી બહુ દૂર દેશાવરથી એક વડનું ઝાડ મંગાવીને યમુના નદીને કીનારે ખડું કરાવ્યું. એ જોઈ પાદશાહે હીરગુરૂને કંઈક ચમત્કાર દેખાડવાનો આગ્રહ કર્યો. એટલે માલદેવે અઢારહજાર કોષ ઊપર આવેલી તારા તંબોલ નગરીની વાડી બાવનવીરની સહાયથી મંગાવીને પેલા મકનશાહના વડની પાસે ખડી કરી દીધી. વાડીની અંદર સર્વ ઋતુના ફુલફળ મહા સુગંધી અને નવ પલ્લવ જોઇને પાદશાહ ચકિત થયો.

આવા આવા અનેક ચમત્કારો જોતાં છતાં પાદશાહે ગુરૂશ્રીને બીજા વધારે બનાવવાનું કહ્યું. તે પરથી, એકવીશ બાજોઠ ઊપરાઊપરી ચઢાવીને સૌની ઉપર હીરગુરૂ બેઠા. હેઠળથી વીશ બાજોઠ ખસેડી નંખાવ્યા. પણ એકવીશમો પડયો નહીં—અધ્ધર રહ્યો.

હવે તો પાદશાહ પૂરો વશ થયો. પણ ફકીરે ગુરૂશ્રીનો કેડો મૂકયો નહીં. એક નાળીએરની કાચલી લઇ તેની હોડી બનાવી તેમાં બેસી નદીમાં તરવા લાગ્યો. હવેતો માલદેવથી રહેવાયું નહીં. એણે તો હીરગુરૂજીને ખુલ્લે ખુલ્લું કહ્યું—જ્યાંસુધી એ જીવશે ત્યાં સુધી તમારી પાછળને પાછળ પડવાનો. માટે એને તો શિક્ષાજ કરવી જોઇએ. એ સાંભળી માલદેવની સહાયથી સૂરિશ્રીએ એક મ્હોટી શિલા ઉપર બેસીને તે નદીની અંદર તરતી મુકી. પાદશાહ વગેરે સર્વે લોકો તે જોવા આવ્યા. માલદેવે તો વીરને હકારી એ ફકીરની હોડી ઉંધી પાડવાનું કહ્યું. એટલે હીરગુરૂની શિલા વેગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થી આગળ ચાલી ને લાગ આવતાં ફકીરની હોડી સાથે અથડાવી એટલે એ કાચલીની હોડી ઊંધી પડી અને પીર નદીમાં ડુબવા લાગ્યા. પણ હીર ગુરૂને અનુકંપા આવવાથી એને હાથ પકડી બૂડતા બહાર કાઢયા.

પીર રાજા તો છેલ્લે પોતાના પ્રતિસ્પર્દ્ધિને હાથેજ પોતાની આવી અવસ્થા થયેલી જોઇ અતિ ખિન્ન થઈ ગયા. તે દીન વદને હાથ જોડી બોલ્યો– હીર ગુરૂજી, આપ મ્હોટા છો, તમે જીત્યા અને હું હાર્યો. જેવું આપનુ નામ મેં સાંભળ્યું હતું તેવાજ આપને મેં સાક્ષાત્ જોયા છે. હવે મારા પર કૃપા કરીને મારા દોષોની મનેક્ષમા આપો. પાદશાહ પણ આ ચમત્કાર જોઈને ઉભો થઈને હીર ગુરૂને ચરણે નમીને બોલ્યો— ગુરૂજી, તમે મ્હોટા છો, તમારો ધર્મ પણ મ્હોટો છે, તમારો ભેખ પણ મ્હોટો છે. આજથી તમે મારા ગુરૂ છો, હું તમારો શિષ્ય છું, માટે તમારે હાથી–ઘોડા–દેશ–ભંડાર જે જોઇએ તે માગી લ્યો. હું તે ખુશીથી આપીશ.

આમ અકબર રાજાએ તો ચમત્કાર દેખેલા તેપરથી ગુરૂને મ્હોં માગ્યું આપવાને વચનથી બંધાવા લાગ્યો. પરંતુ જૈન ધર્મના મહાયોગી હીર ગુરૂશ્રીને તો એવી કંઇ વસ્તુનો ખપ નહોતો. એઓ તો કંચન–કામિનીના ત્યાગી હતા. એટલે અકબર પાદશાહના હાથી–ઘોડાને એઓ શું કરે ! એમણે માગ્યું એ એટલુંજ માગ્યું કે,–અમારે તો એક પ્રભુથીજ સ્નેહ છે; બીજું કશુંએ અમે ઈચ્છતા નથી. અમારા જિન ધર્મમાં એવીજ પ્રરૂપણા કરેલી છે કે સર્વ જીવોની ઉપર દયા રાખવી–કોઈપણ જીવને દુભવવો નહીં. સર્વ જીવને આપણા પોતાના જીવ સમાન જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા જીવને અંશમાત્ર પણ પીડા થતાં બહુજ દરદ થાય છે, તો બીજા જીવોને તમે હથીઆર વગેરેથી હણતાં વિચાર પણ કરતા નથી તો એ જીવોને દુઃખ નહીં થતું હોય ? તમારા ફકીર-પીર વગેરે કહે છે કે એ જીવોને તમે હણીને સ્વર્ગે પહોંચાડો છો, તો તેમને અમે પૂછીએ છીએ કે, એવી રીતે ત્યારે તમે વ્હાલા સંબંધીઓને શા માટે સ્વર્ગે પહોચાડતા નથી ? જો પાપ કાર્ય કરવાથી સૌ સ્વર્ગમાં જતા હોય તો પછી નરકમાં જવાનું કોને રહ્યું ? આનો ખુલાસો આપો.

હીરસૂરિજીના આ ઉપદેશ વચનો સાંભળીને પાદશાહ તો એકદમ પોતાનો સર્વ જુસ્સો ત્યજી, નમ્ર સેવક જેવો બની જઈ બોલ્યો—હે પરમેશ્વર, હે પરમ કૃપાળુ નાથ, મારૂં શું થશે ? મેં બહુ બહુ પાપ કાર્યો કરેલાં છે તેનો હું શો જવાબ આપીશ ? મેં સ્વર્ગને દૂર કરીને નરક ભૂમિને હાથે કરીને વ્હોરી લીધી છે ! આમ પશ્ચાત્તાપ કરતાં હીરગુરૂજીને પોતે તરવાનો માર્ગ પૂછયો. ગુરૂએ તે બતાવ્યો—ખેર, મહેર અને બંદગીઃ એટલે (૧) દાન દેવું, (૨) દયા રાખવી, અને (૩) પરમ કૃપાળુ ઇશ્વરની ત્રણ વખત બંદગી કરવી. આ ઉપરાંત બીજાં પણ અનેક જીવદયાનાં કાર્યોનો ઉપદેશ આપી તેનો તેની પાસે સ્વીકાર કરાવ્યો: જેવાં કે કોઈ જી-વને બંદીખાને નાંખવો નહિ; નદી, દ્રહ, સરોવરાદિ કોઈપણ સ્થળે જાળ નાખવી નહીં; ઇત્યાદિ. વળી શત્રુંજય તીર્થે યાત્રા કરવા આ-વનાર યાત્રાળુઓને માથાદીઠ અઢક સોનામહોર કર તરીકે આપવી પડતી હતી તે કર પણ પાદશાહે હીરગુરૂના ઉપદેશથી માફ કર્યો. અને તે સંબંધી ત્રાંબાના પત્રાપર પોતાના સહી સીક્કા સહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખ કરી આપ્યો. આ ઉપરાંત ત્રણ ચોમાસાની ત્રણ અઠાઇ, બે ઓળીની બે અઠાઇ, અને પર્યુષણ પર્વની એક અઠાઇ—એમ સાત અઠાઇના દિવસોમાં પોતાના દેશને વિષે કાયમ અમારિ પળાય એવો પડહ વજડાવ્યો.

આ પ્રમાણે પાદશાહને દેવ--ગુરૂ—ધર્મની પૂર્ણ ઓળખાણ કરાવીને તેના અત્યાગ્રહથી ચાર ચોમાસાં સૂરિશ્રીએ દીલ્લીમાં કર્યાં. પછી ઉપાધ્યાય શ્રીશાંતિચંદ્રગણિને ત્યાં મૂકીને પાદશાહ તથા શ્રી સંઘની રજા લઇને ત્યાંથી વિહાર કરી તેઓશ્રી ગુજરાત પધાર્યા. તેમને જોઈ શ્રી વિજયસેન સૂરિ પ્રમુખ ચતુર્વિધ સંઘ પરમ આહ્લાદ પામ્યો.

# જૈન સોળ સંસ્કાર.

## ૩ જાતકર્મ સંસ્કાર.

પુંસવન સંસ્કાર કર્યા પછી જ્યારે બાળકનો જન્મ થાય ત્યારે આ ત્રીજો જાત કર્મ સંસ્કાર કરવામાં આવે છે. આ સંસ્કારનો હેતુ કાળ જ્ઞાન અને તેની શુદ્ધિને માટે છે. પ્રાણીના જન્મ અને મરણ નિયમિત કાળે થયા કરે છે. તે કાલ કેવો શુદ્ધ છે અને તેનો પ્રભાવ કેવો છે એ પણ આ સંસ્કાર સૂચવે છે. ગર્ભાવાસમાંથી સંસ્કૃત થઈ આવેલા શ્રાવક શિશુની ઉપર આ જાત કર્મ સંસ્કારની ઘણી ઉત્તમ પ્રકારની અસર થાય છે. જાત સંસ્કારના મંત્રોનું રહસ્ય વૈરાગ્ય ભાવને દર્શાવી સંસારના વિકટ માર્ગમાં આવવાને પ્રગટ થયેલા પ્રાણીના અંતરંગ ઉપર ધાર્મિક ભવ્યતાની મહામુદ્રા આરો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિત કરે છે. અને ભવિષ્યમાં સર્વ પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરવાને પ્રાણીને પૂર્ણ અધિકારી બનાવે છે. જ્યારે જાતકર્મ સંસ્કાર કરવાનો હોય ત્યારે પ્રસવના ચિન્હો જણાતાંજ એક વિદ્વાન્ જોષીને બોલાવવામાં આવે છે. તે પોતાની પાસે ઘટિકા યંત્ર (ઘડીયાળ) રાખી ઉપયોગથી બેસે છે. અને પરમેષ્ઠી મંત્રનો જપ કરવામાં તત્પર રહે છે. જ્યાં કોઈ જાતનો કોલાહલ ન સંભળાય, સ્ત્રી, બાળ અને પશુ જ્યાં આવી શકે તેવા સ્થાનમાં સૂતિકા ગૃહની નજીક તે જોષીને એકાંત સ્થાન આપવું જોઇએ.

જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે ગૃહસ્થ ગુરૂ આવી જોષીને જન્મનો સમય જાણવાની આજ્ઞા કરે છે. તે વખતે જોષી તેનો બરાબર જન્મ સમય જાણી લગ્નનો નિશ્ચય કરી જન્મ કુંડળી કરે છે. તે વખતે બાળકનો પિતા, કાકા અથવા દાદાએ નાળચ્છેદ કર્યા પેહેલા ગુરૂનો અને જોષીનો વસ્ત્રાદિકથી સત્કાર કરવો કહ્યોછે. કારણ કે, જ્યાં સુધી નાળચ્છેદ કરવામાં આવ્યો ન હોય ત્યાં સુધી સુતક લાગતું નથી, માટે તે પહેલાં ગુરૂ તથા જોષીનું પૂજન કરી લેવું જોઇએ. જ્યારે પૂજન સત્કાર કરવામાં આવે તે વખતે ગુરૂ જૈનવેદના મંત્રથી બાળકના પિતા, કાકા કે દાદાને આ પ્રમાણે આશીર્વાદ આપે છે.

" ॐ कुलं वो वर्द्धतां संतु शतशः पुत्र प्रपौत्राः ।
अक्षीण मस्त्वायुर्द्धनं यशश्च अर्हं ॐ " ॥

" તમારૂં કુલ વૃદ્ધિ પામો, સેંકડો પુત્રો તથા પૌત્રો પ્રાપ્ત થાઓ. આયુષ્ય, ધન અને યશ અક્ષીણ થાઓ. "

આ પ્રમાણે આશીર્વાદ આપી પાછા તેઓ ઈષ્ટ બલને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી આદિનાથ પ્રભુની પ્રસન્નતા કરવાને બીજું આશીર્વાદાત્મક પદ્ય ઉચ્ચારે છે. તેમાં મેરૂ પર્વતના શિખર ઉપર સુર તથા અસુરોના સ્વામીઓએ પરિવાર સહિત આવી જેમને કુંભોદકથી સ્નાત્ર કરાવેલ છે એવા શ્રી યુગાદિ પ્રભુને સ્તવે છે. તેમના સ્નાત્રનો સમય યાદ કરી જન્મેલા શિશુને ઇષ્ટબલ સંપાદન થવાની સર્વોત્તમ સૂચના કરવામાં આવે છે. તે પછી નવગ્રહો, નક્ષત્રો અને મેષાદિરાશિઓ બાળકની રક્ષા કરે એવો આશીર્વાદ આપી લગ્ન કુંડલી કરી જોષી સંતુષ્ટ થઇ પોતાને ઘેર જાય છે.

ત્યારપછી ગૃહસ્થ ગુરૂ સૂતિકા કર્મ કરનારી સ્ત્રીઓ તથા કુલની વૃદ્ધ સ્ત્રીઓને બોલાવી બાળકને સ્નાન કરાવાને વાસ્તે જળ આપે છે; જે જળને ગૃહસ્થ ગુરૂએ અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સર્વ સાધુઓને નમસ્કાર કરી સાત વખત નીચેનો મંત્ર ભણીને મંત્રેલું હોય છે—

" क्षीरोदनीरैः किल जन्मकाले यैर्मेरुश्रृंगे स्नपितो जिनेंद्रः ।
स्नानोदकं तस्य भवत्विदं च शिशोर्महा मंगल पुण्यवृद्धयै ॥१॥

" જન્મ સમયે જે ક્ષીર સાગરના જલથી મેરૂ પર્વતની ઉપર જિનેંદ્રને સ્નાત્ર કરવામાં આવ્યું છે, તે સ્નાત્ર જળ આ શિશુને મહા મંગલના પુણ્યની વૃદ્ધિને અર્થે થાઓ. "

આ મંત્રના પ્રભાવથી પવિત્ર એવા જળવડે બાળકના પુદ્‌ગળ ઉપર સારી અસર થાય છે. પુદ્‌ગળની સાથે આવેલા સચેત અંતરંગના યોગથી એ બાળક ભવિષ્યમાં ઉત્તમ ધર્મશ્રદ્ધાવાળો થાયછે. પ્રભુના સ્નાત્ર જળનું સ્મરણ પવિત્ર ગૃહસ્થ ગુરૂને મુખે થવાથી આ સંસ્કારની ઊત્તમ પ્રકારની સત્તા પ્રવર્ત્તે તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ મંત્રિત જળવડે કુળની વૃદ્ધ સ્ત્રીઓના હાથથી સૂતિકાગૃહમાં બાળકને સ્નાન કરાવ્યા પછી કુલાચાર પ્રમાણે નાળચ્છેદ કરવામાં આવે છે. તે પછી ગુરૂ પોતાના સ્થાન ઉપર રહી, ચંદન, રક્તચંદન (રતાંજલિ) અને બીલીના કાષ્ટની ભસ્મને ધોળા સર્સવ અને લવણની સાથે મિશ્ર કરી તેની એક પોટલી બાંધી ૐ ह्रीं श्री अंबे " ઇત્યાદિ મંત્રથી તેને સાતવાર મંત્રે છે. એ મહામંત્ર જાત સંસ્કારની પદ્ધતીમાં સવિસ્તર આપવામાં આવ્યો છે. એ મંત્રમાં ભૂત, ગ્રહ, પિશાચ, વેતાળ, શાકિની, ગગનદેવી, દુષ્ટ, શત્રુ, કાર્મણ અને દૃષ્ટિ દોષથી બાલકની રક્ષા કરવાને અંબિકાદેવીની પ્રાર્થના કરવામાં આવી છે; તે સાથે જય, વિજય, તુષ્ટિ, પુષ્ટિ અને કુળવૃદ્ધિ કરવાની સુચના પણ કરવામાં આવી છે. આ શાસનદેવી ભગવતી અંબિકા બાળકની સર્વ પ્રકારની રક્ષા કરવાને સમર્થ છે. વળી એ માંગલ્યકારી મંત્રની શક્તિ સંસ્કારના પવિત્ર હેતુને પુષ્ટિ પણ આપે છે. આ પ્રમાણે તૈયાર કરેલી પોટલીને કાલો દોરો બાંધી તેમાં લોઢાનો કડકો, વરૂણના મૂલીઆ; રતાંજલિના કડકા, અને કોડી સાથે જોડી દઇ કુળવૃદ્ધા સ્ત્રીઓની પાસે તે બાળકને બંધાવે છેઆ લૌકિક પદાર્થો એ પોટલીની સાથે રાખવાનું કારણ એવું જણાય છે કે એમનામાં ઉત્તમ પ્રકારની રક્ષણ કરવાની શક્તિ રહેલી છે. અર્થ શાસ્ત્રના નિયમ પ્રમાણે જોતાં પણ તે પદાર્થોનો પૌદ્ગલિક સંબંધ બાળકની શારીરિક રક્ષામાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો જાય છે.

જો બાલકનો જન્મ કોઈ કુયોગમાં થયો હોય તો તે કાળદોષને દૂર કરવાને શાંતિક વિધાન કરવાનું કહેલું છે. અશ્લેષા, જયેષ્ટા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂલ, ગંડાત અને ભદ્રાના યોગને દુષ્ટ યોગમાં ગણેલા છે. એવા કુયોગમાં જન્મ પામેલા બાળકના કુળને દુઃખ, દારિદ્ર, શોક અને કષ્ટ થાય છે, તેથીજ બાળકના પિતા અથવા બીજા વડિલે તેની અવશ્ય શાંતિ કરવાને કહેલું છે.

આ જાત કર્મ સંસ્કારનું રહસ્ય ઉત્તમ પ્રકારનું છે. તે પ્રસંગે જે વિધિ કરવામાં આવે છે અને તેમાં જે જૈનવેદના મંત્રો ઉચ્ચારાય છે, તેનું તાત્વિક બળ ભવિષ્યમાં ધાર્મિકતાનું એક બીજરૂપ થઇ પડે છે. ગર્ભાવાસમાંથી મુક્ત થઇ શ્રાવક કુળમાં ઉત્પન્ન થયેલા શિશુને શારીરિક રક્ષાનું અને ધાર્મિક રક્ષાનું કારણ થવા રૂપ આ પવિત્ર સંસ્કાર છે. આ જાત કર્મ સંસ્કારનો આદિકાળમાં સારો પ્રચાર હતો. અર્હંત ભગવાન્‌ને પણ તે સંસ્કાર કરવાને દેવતાઓ દેવલોકમાંથી આવતા હતા. પણ વર્ત્તમાનકાલે એ નષ્ટ પ્રાય થઇ ગયો છે એ ઘણું શોચનીય છે. જો પુનઃ તેનું પ્રવર્ત્તન આરંભાયતો શ્રાવકવર્ગની ધાર્મિક અને સાંસારિક સ્થિતિ ઉન્નતિમાં આવે તેમાં કાંઈપણ આશ્ચર્ય નાથી. માટે આપણા ગૃહસ્થોએ એ નષ્ટ પ્રાય થઈ ગયેલી પોતાની સંસ્કાર વિધાનની સમૃદ્ધિને પાછી સંપાદન કરવી અવશ્યની છે. અપૂર્ણ.

# શ્રી વિમલચંદ્ર સૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા.

( અનુસંધાન ગત પૃષ્ટ ૧૨૦ થી ).

સૂરિશ્રીના વિદ્વાન્ શિષ્યોનો સમાજ એકત્ર થઈ વિચાર કરતો હતો, કે આપણે આજે કેવા પ્રશ્ન કરવા ? તેઓની પ્રથક્ પ્રથક્ મનોવૃત્તિમાં નવા નવા પ્રશ્ન કરવાના કૌતકો ઉત્પન્ન થતા પણ તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકત્ર થઇને તેનો નિર્ણય કરતા હતા. સર્વ સમાજ વચ્ચે એક વિદ્વાન્ શિષ્યે જણાવ્યું કે, મારી ઈચ્છા મરણ વિષે પ્રશ્ન કરવાની છે. જગતમાં મરણનો અર્થ દ્રવ્ય રૂપે સર્વત્ર વિદિત છે પણ ભાવ રૂપે તે કેવો હશે? તે આપણે જાણવું જોઇએ. પ્રાણનો વિયોગ થવો એ મરણનો શબ્દાર્થ છે પણ પ્રાણ વિયોગ વિના મરણનો અનુભવ થાય, તેવું ભાવ મરણ કેવું હશે? તે આપણે અવશ્ય જાણવું જોઇએ. જો આપણે આપણા વિદ્વાન્ અને ગીતાર્થ ગુરૂજીના મુખથી તેનો સ્પષ્ટાર્થ જાણીશું તો અવશ્ય આપણને જ્ઞાનનો લાભ મલશે.

બીજા એક તરૂણ મુનિએ ઉત્સાહથી જણાવ્યું કે, અમૂલ્ય વસ્તુ જાણવાની આપણે જરૂર છે. જગતમાં ખરેખરૂં અમૂલ્ય શું છે? તે જો જાણવામાં આવે તો ગૃહસ્થ અને મુનિ બંનેને અતિ લાભ થાય.

ત્રીજા એક અનુભવિ યતિએ જણાવ્યું કે, 'મરણ સુધી શલ્ય રૂપ લાગે તેવું શુ હશે? તે પણ અવશ્ય જ્ઞેય છે. સંસારમાં અનેક જાતના શલ્યો કહેલા છે પણ મરણસુધી સાલે તેવું શલ્ય શુ હશે? તે જાણવાથી આપણને સંપૂર્ણ લાભ થશે. કારણકે, તેવું શલ્ય પ્રાપ્ત ન થાય, તેવા ઉપાયો આપણે સત્વર લઇ શકીએ.

આ ત્રણ પ્રશ્નોની હર્ષથી સંગતિ આપી તે શિષ્ય સમાજ ગુરૂની સમીપ આવ્યો. ગુરૂ મહારાજ શિષ્યોની જિજ્ઞાસા તૃપ્ત કરવાને ઉત્સુક હતા. તેઓના દયાલુ હૃદયમાં પરોપકાર કરવાના પ્રવાહ વહ્યા કરતા હતા. ક્ષણે ક્ષણે પરોપકારનીજ વિચાર શ્રેણી ચાલતી હતી. તે મહાશય પરહિતમાંજ આત્મહિત સમજતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિષ્યોને જોઈ તે મહાત્મા મુખમુદ્રા પ્રસન્ન કરી બોલ્યા દેવાનું-પ્રિય, આજે શું પુછવાની ઈચ્છા છે ? જે હોય તે ખુશીથી જણાવો ગુરૂજીની પ્રસન્ન મૂર્ત્તિ જોઈ સર્વ શિષ્ય સમાજ વિશેષ ખુશી થયો. તેઓના નિર્મલ હૃદયમાં ગુરૂ ભક્તિની ભાવના વિશેષ જાગ્રત થઈ—તત્કાલ તેઓએ આ પ્રમાણે પ્રશ્ન કર્યો—" **किं मरणं** " " મરણ કયું " ? ગુરૂશ્રીએ સસ્મિત વદને કહ્યું, "**मूर्खत्वं**" "મૂર્ખતા" ખરે-ખરૂં મરણ છે. ઉત્તર સાંભલતાંજ શિષ્ય સમાજ પરમ હર્ષને પ્રાપ્ત થયો! પછી તત્કાલ બીજો પ્રશ્ન કરવામાં આવ્યો—"**किं चानर्घ्यं** " " અમૂલ્ય શું છે ? " ગુરૂશ્રીએ ત્વરા જણાવ્યું—"**यदवसरे दत्तम्**" " અવસરે આપ્યું તે " જે અવસરે આપવામાં આવે, તે અમૂલ્ય છે. આ ઉત્તર સાંભલતાંજ શિષ્યો ક્ષણવાર ચિત્રવત્ સ્તબ્ધ થઇ ગયા અને ગુરૂશ્રીની દિવ્ય શક્તિને અનુમોદન આપવા લાગ્યા. પછી તરતજ ત્રીજો પ્રશ્ન કરવામાં આવ્યો "**आमरणात्किं शल्यम्**" " મરણસુધી પીડે તેવું શલ્ય શું ? કુશાગ્રમતિ સુરિશ્રીએ ક્ષણવાર વિચારીને કહ્યું કે," **प्रच्छन्नं यत्कृतमकार्यम्** " ગુપ્તરીતે નઠારૂં કામ કર્યું હોય તે. " ગુપ્તરીતે નઠારૂં કામ કર્યું હોય, તે મરણસુધી શલ્યરૂપ થાય છે. આ ઉત્તરથી મુનિવૃંદ ઘણોજ આનંદ પામ્યા અને સ્વાનુભવમાં પણ તેની યથાર્થતાનું તેઓને ભાન થઈ આવ્યું.

સૂરિશ્રીએ તે ત્રણ પ્રશ્નોનું આ પ્રમાણે વિવેચન કરવા માંડયું પ્રિય શિષ્યો, તમારા આજના પ્રશ્નો તમારી અગાધ વિદ્વતાના સં-પૂર્ણરીતે સૂચકછે. તમારા જેવા સાક્ષર અને ચતુર શિષ્યોની આગલ તેનું વિવેચન કરતાં મને વિશેષ આનંદ ઉત્પન્ન થાય છે. પ્રથમના પ્રશ્નોત્તરમાં કહ્યું કે, " મૂર્ખતા એ ખરેખરૂં મરણ છે " તે વિષે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ વિવેચન કરવાની જરૂર નથી. તેતો દેખીતુંજ છે કે, માણસમાં જો મૂર્ખતા હોય તો તે મૃત્યુ બરાબર છે. મૂર્ખતાને લઇને માણસમાં અજ્ઞાનતા હોય અને અજ્ઞાનતા એ માણસની બુદ્ધિ શક્તિનું આવરણ છે. જ્યારે બુદ્ધિને આવરણ થયું એટલે હેય ઉપાદેય જાણી શક્તો નથી. હેય ઉપાદેયને નહીં જાણનાર માણસને પછી ધર્મ અધર્મનું ભાન હોતું નથી. તેથી તે ધર્મમાં અધર્મ બુદ્ધિ અને અધર્મમાં ધર્મ બુદ્ધિ કરે છે અને છેવટે આત્માને દુર્ગતિનો અધિકારી કરે છે. આત્માને દુર્ગતિમાં નાંખનાર માણસ જીવતાં મુવા જેવો છે. તેવા પુરૂષનું જીવન અજાગલના સ્તનના જેવું નિષ્ફળ થાય છે. સાહિત્યકારો પણ લખે છે કે, " **मूर्खस्य नास्त्यौषधम्** " એટલે મૂર્ખનું ઔષધ નથી.—અર્થાત્ જેમ મૃત શરીરને ઔષધોપચાર થઈ શકતો નથી તેમ મૂર્ખજનનો કાંઈ પણ ઉપાય થઇ શકતો નથી. તેથી ભવિ પ્રાણીઓએ મૂર્ખતાનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો.

બીજા પ્રશ્નોત્તરમાં કહ્યું છે કે, જે અવસરે આપવામાં આવે તે અમૂલ્ય છે. તે ખરેખર મનન કરવા યોગ્યછે. અવસરે આપેલો પદાર્થ, અવસરે આપેલોબોધ, અને અવસરે આપેલ સહાય-તે ખરેખર અમૂલ્ય થઇ પડે છે. અવસર વિના કાંઈપણ આપવું કે કરવું, તે નિષ્ફળ છે. ગૃહસ્થાવાસમાં સાંસારિક ઉપાધિથી ગ્રસ્ત થયેલાં પ્રાણીને અવસરે આપેલ વૈરાગ્યનો બોધ ચારિત્રનું કારણ થઇ પડે છે. દુ:ખી સ્થિતિમાં આવેલાં પ્રાણીને દ્રવ્યની સહાય આપવાથી તે તેને અમૂલ્ય થઈ પડે છે. તેથી જે અવસરે આપવામાં આવે તે અમૂલ્ય થાય છે. આ વિષે જેટલું વિવેચન કરીએ તેટલું થોડું છે.

ત્રીજા પ્રશ્નોત્તરમાં કહેવામાં આવ્યું કે, " જે કાંઇ છાની રીતે નઠારૂં કામ કરવામાં આવે તે મરણ સુધી શલ્ય રૂપ થાય છે. " આ વિષે જેટલું કહીએ તેટલું થોડું છે. આતો સ્વાનુભવની વાત છે કે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કાંઇ પણ દુરાચરણ કરવામાં આવ્યું હોય તો તે સંબંધી જ્યારે વિચાર કરીએ ત્યારે હૃદયમાં અપાર દુઃખ થાય છે. આવા કારણને લઇને શાસ્ત્રકારો આલોયણા લેવાનું પવિત્ર ફરમાન કરે છે. પ્રાયશ્ચિત્ત લેવાથી માણસ તેવા ગુપ્ત પાપમાંથી મુક્ત થઈ શકે છે. તેથી દૈવ યોગે જે તેવું કાંઇપણ દુરાચરણ થઇ ગયું હોય તો તેની સત્વર આલોયણા કરી લેવી જેથી તે શલ્યની જેમ મરણ સુધી પ્રાણીને દુઃખદાયક થઇ પડે નહીં. હે પ્રિય શિષ્યો, આજના તમારા પ્રશ્નોના ઉત્તર ખરેખરા સદ્બોધક છે. તે ગૃહસ્થ અને યતિ બંનેને મનન કરવા યોગ્ય છે. જો કે ગૃહસ્થ અને યતિના ધર્મ જુદા જુદા છે, તથાપિ તેઓના આચરણમાં પરસ્પર નીતિનાબીજ સમાનછે. વિરતિ ધર્મના ઉપાસક મુનિઓએ અને અવિરતિ ધર્મનાઉપાસક ગૃહસ્થોએ પોતપોતાના અધિકાર પ્રમાણે નીતિનાં તત્ત્વો ગ્રાહ્ય અને માન્ય છે.

પોતાના ગુરૂશ્રીના આવા વચનો સાંભલી શિષ્ય સમાજનાં હૃદય પ્રફુલ્લિત થઇગયા, તેઓ આનંદ રંગમાં મગ્નથઇ ગુરૂનાં ચરણ-કમળમાં ભાવથી વંદના કરવા લાગ્યા. પછી નીચે પ્રમાણે તે પ્રશ્નોત્તરની ઉપયોગી ગાથાને પોતાના કોમળ કંઠાસન ઉપર આરૂઢ કરી—

किं मरणं मूर्खत्वं किं चानर्घ्यं यदवसरे दत्तम् ।
आमरणात् किं शल्यं प्रच्छन्नं यत्कृतमकार्यम् ॥ १७ ॥

શિષ્ય—મરણ ક્યું ?

ગુરૂ—મૂર્ખપણું હોય તે.

શિષ્ય—અમૂલ્ય શું ?

ગુરૂ—જે અવસરે આપવામાં આવે તે.

શિષ્ય—મરણ પર્યંત સાલે તેવું શલ્ય ક્યું ?

ગુરૂ—ગુપ્ત રીતે કરેલું નઠારૂં કામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગિરનારની ગુફા.

## ( એક સ્વપ્ન. )

( અનુસંધાન ગયા અંકથી )

**सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥**

**सतां संगः कल्पद्रुम इव न किं किं वितनुते ॥**

હું તો મારાં પૂર્ણ ભાગ્યના ઉદયનેજ લઇને મને અનાયાસે મળી ગયેલા આ મહાત્મા યોગીરાજના શિક્ષાવચનો રૂપી અમૃતરસનાં કુંડમાંજ જાણે સ્નાન કરતો તરતો હોઉં એમ મને ભાસ થવા લાગ્યો. પણ અત્યાર સુધી એમની એ પ્રતિબોધની વાણીને એકાગ્રચિત્તે શ્રવણ કરતો, વચ્ચે એક પણ શંકા ઉત્પન્ન નહિં થવાથી મૌનજ રહ્યો હતો, તે હવે એ ગુરૂરાજના કંઈ પરિચયમાં આવ્યોછું સમજી, કંઇ બોલવાનો વિચાર કરવા લાગ્યો. યોગીશ્વર પણ જાણે મારૂં અન્તઃકરણ સમજી ગયા હોય તેમ, કિંચિત્કાળ, પોતે અત્યારસુધી આપેલા પ્રતિબોધની મારા મગજપર શી અસર થાય છે એ જોવાને, મૌન રહ્યા. એ એમના મૌનપણાએ મારા ઇચ્છિતને સાહાય્ય આપી–અર્થાત્ મારે કંઇ કહેવું હતું તે કહેવાનો મને વખત મળ્યો. પણ હવે પ્રસંગ તો મળ્યો ત્યારે કહેવું તો શું કહેવું એનો પણ વળી વિચાર થયો. એ વિચારમાળાના સર્વ મણકા ફેરવતાં છેવટના મણકાનો સ્પર્શ થયો એની સાથેજ એમની મારૂં શ્રેય કરવાની સ્નેહ ભરી લાગણીઓ માટે એ મહાત્માનો ઉપકાર માનવાનો વિચાર મારા ન્હાના પણ આસ્તે આસ્તે કંઈક કંઈક વિવેકીપણાના અંશને પ્રાપ્ત કરતાં મસ્તકને વિષે ઉદ્ભભ્યો. એ ઉદ્ભવને પરિણામે મ્હારા મનસાગરની વિચારોર્મિ ઉલ્લાસ પામી–પ્રકટ થઈઃ—

હે પરમકૃપાળુ ગુરૂજી–આપના આ મ્હોટા ઉપકારનો બદલો હું કેવી રીતે વાળી શકીશ? દેવતાઓ સરખા ન વાળી શકે એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપના આ અનિર્વચનીય ઉપકારનો બદલો મારા સમાન અલ્પજ્ઞ જીવ તો ક્યાંથીજ વાળી શકે! આપના તરફથી આજે જ્ઞાનનું દાન મને થાય છે તે સર્વોત્કૃષ્ટ છે; દાન તો અનેક છે પણ એ સર્વ અલ્પ તૃપ્તિ કરનારાં છે; જ્યારે આ જ્ઞાન દાન મનુષ્યને તેના જીવિત પર્યન્ત તૃપ્તિ આપનારૂં છે. અન્નપાનાદિ કેવળ આ દેહપોષક પદાર્થોનું દાન પણ એ દાન લેનારને આપનારના ઘણા ઉપકારના બોજા તળે લાવી મૂકે છે. એ કરતાં અધિક બોજા તળે, આ ક્ષણભંગુર એવી પણ દુનીઆમાં અવતરેલાને, વ્યાવહારિક વિદ્યાનું દાન આપનારો લાવી મૂકે છે. પણ એ સર્વથી અધિક, અનશ્વર અને અખંડ સુખથી તૃપ્ત કરનારા, સંસાર સાગરથી તારી લઈ કિનારે આણી મૂકનારા જ્ઞાન દાનને માટે આપના તરફથી થતા પ્રયત્નો માટે, મારાપર જે ઉપકારનો બોજો પડે છે એ બોજો સર્વથી અધિક છે. એ ઉપકારના બોજામાંથી મારા જેવો અલ્પજ્ઞ જીવ કેવીરીતે છૂટી શકશે? માટે હું તો હવે આપનેજ શરણે આવ્યો છું તો ઉદ્ધાર કરવો એ આપનું કર્તવ્ય છે. આપના સમાન મહાત્મા પુરૂષનો સંગ મને થયો છે તો તેથી મારી વ્યાવહારિક તેમજ નૈતિક ઉન્નતિ થવાની આશા હું રાખું તો કોઇ રીતે અયોગ્ય નહિં કહેવાય.

સંગતિ સજ્જન કેરી, કહો ઉન્નત કરનારી નહિં કોને ?
જ્યાં ત્યાંથી ગંગામાં આવ્યાં—જળ પણ વન્દ્યજ દેવોને.

આમ આવા પરમોપકારી ગુરૂરાજનો, એમના નિઃસ્વાર્થી પણ અત્યુત્તમ પ્રયત્નોને માટે, ઉપકાર માનવાને માટે મને આવડયાં એવાં બે વચનો બોલીને હું તો શાન્ત રહ્યો. આગળ કંઇ વધારે બોલવાને અન્તઃકરણ તો ધક્કા મારી મારીને આગ્રહ કરતું હતું, પણ એ 'આગ્રહ' ક્રિયાનું કર્મ—જે મારી જીંહા—તે હજુ બાલ્યાવસ્થામાં હોવાથી વિશેષ શબ્દોનો ભંડોળ તેની પાસે નહોતો. તેથી જે થોડા ઘણાં ભાગ્યાં તુટયા બોલતાઆવડયાં એટલા શબ્દોબોલી એટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાથીજ સન્તોષ માની રહેવાનું અન્તઃકરણને સૂચવવામાં આવ્યું.

ગુરૂજીએ તો હું આટલું બોલ્યો એ જાણે બહુ કર્યું હોય—અને અન્તરંગથી તો પૂર્ણ નહિંજ રંગાયેલી પણ બાહ્ય ભાવથી તાદાત્મ્ય ભાવને પામેલી દેખાતી મારી જીજ્ઞાસા જોઇને, નિશાળના બાળવર્ગમાં એકડા ઘુંટતા બાળને, એકડો કાઢવાનું કહેતાં, હજુ માંડમાંડ મીંડું કાઢે ત્યાંજ જેમ એનો શિક્ષક "વાહ! વાહ! બહુજ સરસ!" એમ કહીને એને ઉત્તેજન આપીને રાજી કરેછે એમ, મને પણ ગુરૂરાજે 'શિષ્ય! વાહ! વાહ! ધન્યછે તને! ધન્યછે તારી બુદ્ધિને! તું ખરેખર મોક્ષ તત્વનો જીજ્ઞાસુ છો, એમ કહીને મા[illegible] વાંસો થાબડયો. વત્સ, સત્સંગને માટે મેં પણ કહ્યું છે અને તું એ જે કંઇ હમણાં બોલ્યો છે તે અક્ષરશઃ સત્યછે કારણ કે **सत्संगातिः किं नकरोति पुंसाम् ?** એ સત્સંગતી સર્વ શિષ્ટ જનોમાં નિત્ય પ્રશંસા પામતી હોઇને એની તુલનાએ કોઇ પણ વસ્તુ આવી શકતી નથી.

આ પ્રમાણે સમજાવી, વળી એ વિષય પરત્વે વિશેષ—સૂક્ષ્મ—વાત કંઇ કહેવાની રહી જતી હોય— એમ યોગીરાજ કહેવા લાગ્યા— હે બાળ, આ સત્સંગતી તને સર્વાંશે ઉત્તમ કહી છે તે તો બધું ખરૂં. પણ એ ગુણના સેવનારમાં અમુક જાતના મહા અવગુણો કહેવાય છે એ હોવા ન જોઈએ. એ અવગુણો એ મનુષ્યે ત્યજવાજ જોઇએ. એ 'કાયિક, વાચિક અને માનસિક' એમ ત્રણ પ્રકારના છે. એ ત્રણે પ્રકારને જડમૂળથી ત્યજી દેવા જોઇએ. એમાં કાયિક એટલે કાયા સંબંધી— શરીરથી ઉત્પન્ન થતા— દોષો; તે આ પ્રમાણે છે—અદત્તાદાન, પરસ્ત્રી વિરમણ અને જીવની સ્થૂળ હિંસા. વાચિક એટલે વાણીથી ઉત્પન્ન થતા દોષો પણ ત્રણ છેઃ પરપરિવાદ એટલે પારકી નિન્દા કરવી તે; મૃષાવાદ એટલે અસત્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચન બોલવાં તે, અને સામાને કટુ શબ્દો કહેવા તે. ત્રીજા માનસિક દોષો એ પણ ત્રણ પ્રકારે છે—તૃષ્ણા—ચિંન્તવન અને નિરન્તર આપણા સામાવાળાના સદ્ગુણો તરફ લક્ષ ન આપતા, અવગુણોજ જોવા એ. માટે આ સર્વ દોષો ત્યજાય તોજ એ આપણું જે સત્સંગતિ રૂપ બીજ તે ઉગી, વૃક્ષ થઇને ફળીભૂત થાય છે.

હે જિજ્ઞાસુ યુવાન ! " સંસારરૂપી સમુદ્ર તરવાનેમાટે શું કરવું ?" એ પ્રકારનો જે તારો એક પ્રશ્ન હતો તેનો કંઈક અંશે ઉત્તર ઉપર કહ્યા પ્રમાણે ( આત્મ સ્વરૂપનું ચિંતવન–ઉત્તમ પુરૂષોનો સમાગમ–મહા મુનિઓનો પરિચય આદિ ) આચરણ–વર્તન રાખવામાં આવી જાય છે. જો કે આનાં કરતાં એ બીજા વધારે આવશ્યક્તાવાળાં કરવાનાં છે. દેવ, ગુરૂ અને ધર્મની ઓળખાણ અને સુદેવ, સુગુરૂ અને સત્ય ધર્મ ઉપર શ્રદ્ધા થવી તે એ તારો સંસાર સમુદ્ર તને તરાવી દેવાને એક અજબ ગુણવાળા નૌકાનું કામ સારે છે. આ અને બીજા એવી અને એટલીજ અગત્યતાવાળા વિષયોનું પરિસ્ફોટન તારી પાસે હું ધીરે ધીરે કરવા માગું છું.

ગુરૂશ્રીના આ સર્વ વચનોનું શ્રદ્ધાથી શ્રવણ કરતાં છતાં પણ મને એક વાતનો ખુલાસો બરાબર ન થયો તેથી એ વિષે મેં એમને પ્રશ્ન કર્યો કે–હે મુનિરાજ, આપે આ ઉત્તમ પુરૂષોના સમાગમના ફળ, એની યોગ્યતા–ઈત્યાદિ વિષે જે વ્યાખ્યાન કર્યું તે તો હું બરાબર સમજ્યો. સર્વ કોઈએ એવો સમાગમ રાખવો એમાં સિદ્ધિ છે. એ વાતની કોઇપણ સમજુ હશે તે ના કહી શકશે નહિં. પણ અનેક માણસો અહીં એવા છે કે જેઓ આ સંસારમાં અનેક વ્યવસાયોમાં પડેલા છે એમને રાત્રિ દિવસ પરિશ્રમ વેઠીને ધંધો ધાપો, મહેનત મજુરી કરીને પણ પોતાના કુટુમ્બનું મહા કષ્ટે પોષણ કરવું પડે છે તેવા દુઃખી જીવો પોતાનાં એ આશ્રિતોને પડતા મૂકીને મહાપુરૂષોનોજ સમાગમ કેવી રીતે કર્યા કરે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ મહાત્માએ મારો આવો પ્રશ્ન જોઈને, મારા અજ્ઞાનથી લેશમાત્ર નહિં દુઃખાતાં, અત્યંત શાન્તપણે ઉત્તર આપ્યો—હે બાળજીવ! તારી ભૂલ થાય છે. તું હજુ બરાબર સમજ્યો નથી. પણ અડચણ નહિં. તને હજુસુધી મેં જોઈએ એટલું સમજાવ્યું નથી. પૂરેપૂરૂં ગળે ઉતરશે ત્યારે તું એ સર્વ સમજીશ. માટે જો સાંભળ. જેઓ એમ ધારતા હશે કે પોતાનાંને પોતેજ બરાબર સંભાળે છે, પોષે છે આદિ કરે છે એઓ ભૂલ કરે છે. બહોળા કુટુંબવાળો વ્યવસાયી જો એ પોતાના આશ્રિતોની સાથે ન હોય તો એ એનાં આશ્રિતો શું મરી જાય છે? ના એમ બનતું નથી. કારણ કે મનુષ્ય સ્વતંત્ર રીતે કશું પણ કરવાને સમર્થ નથી. આના સંબંધમાં એક નાની વાર્તા છે તે સાંભળ:—

કોઇએક ગામમાં એક વાણીઓ રહેતો હતો. તે બહુ નિર્ધન હોઇને પોતાના કુટુમ્બનું માંડમાંડ ગુજરાન ચલાવી શકતો હતો. સવારના પહોરમાં પોતાના નિત્ય કર્મ—સ્નાન પૂજાપાઠ આદિ કરીને કામે જતો તે પાછો મધ્યાન્હે આવીને જમતો હતો. કોઈ કોઇ વખત મહાપુરૂષોના—ઉત્તમ મુનિરાજોનાં દર્શન કરવા જતો અને જે બે વચનો ઉપદેશના આપે તે એ શ્રદ્ધાથી સાંભળતો હતો. મુનિરાજો કહેતા કે ભલા માણસ—આવો મનુષ્ય જન્મ પામ્યો છો તો બે ઘડી ધર્મધ્યાન કર, ગુરૂ પાસે આવ ને શાસ્ત્રના બે વચન સાંભળીશ તો સુખી થઈશ. એ વાત એને ગમી તેથી એણે હમેશ મુનિના દર્શનનો અને એમના શાસ્ત્ર સંબંધી જ્ઞાનોપદેશનો લાભ લેવા માંડયો. પરંતુ એને એક વાતની ચિન્તા પૂરી હતી. પોતે વૃદ્ધ થવા આવ્યો હતો. અને છોકરાં છૈયાં મ્હોટાં થવાં આવ્યાં હતાં. એમને પરણાવ્યાં પષ્ટાવ્યાંએ ન્હોતાં; તેમ પાછળ મૂકી જવાને એના પાસે કંઇ દ્રવ્ય પણ ન્હોતું. આ વાતનો એને બહુ બહુ બળાપો થયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતો હતો. એ વાત ગુરૂએ જાણી એનો ખુલાસો કર્યો–તું તારૂં ચિત્ત વ્યગ્ર રાખેછે એ તું ભૂલ કરે છે. એ બધાં તારાં આશ્રિતોનું તું ખાવાનું પૂરૂં કરે છે કરીને કહે છે એ પણ ખોટું છે. એ સૌ સૌના પ્રારબ્ધને યોગે સૌ ખાય છે, પીએ છે, હરે છે, ફરે છે ઇત્યાદિ. વિશેષ ખાત્રી કરવાની મરજી જોઇ એને કોઇ બીજે ગામ થોડો વખત રહી આવી પછી અહીં પાછો આવવાનું કહ્યું.

અહીં પેલાના ગયા પછી થોડો વખત તો જે કંઈ ઘરમાં હતું તે ઉપર એમનો નિર્વાહ ચાલ્યો. પરંતુ એટલું ક્યાં સુધી નભે? તુરતજ તેઓ તંગીમાં આવી પડયાં ને પોતાનાં વડીલનો પત્તો બીલકુલ આવ્યો નહી. એ તો ગયો તે ગયોજ. તેથી તેઓએ વિચાર કર્યો કે એ વડીલ તો ગયા તે ગયા ને આપણે આમ વગર કામકાજ કરે બેસી રહેશું એમાં દહાડો વળવાનો નથી. એમ વિચારીને સૌ ફાવ્યું તેમ કામે વળગી ગયાં ને કમાતાં શીખ્યાં તેથી ઉલટાં હતાં એ કરતાં એ વધારે સુખી થયાં.

ઘણા વખત કેડે ગુરૂના કહેવરાવવાથી પેલો વાણીઓ પાછો આવ્યો ને ગુરૂને મળ્યો. ગુરૂએ પણ એને, કોઈને ખબર ન પડે તેમ છાનામાના એના ઘરની તપાસ કરી આવવાનું કહ્યું. પેલે જઇને તપાસ કરી ને કરાવી તો માલમ પડયું કે એના ગયા પછી એ જેમને પોતાનાં આશ્રિતો ગણતો હતો એતો ઉલટાં વધારે સુખી દિસતાં હતાં. માંડમાંડ ખાવાનું મળતું હતું એને બદલે હવે પેટ ભરીને અન્ન મળવા લાગ્યું હતું. એ સર્વ વૃત્તાન્ત જાણીને ગુરૂજી પાસે યથાસ્થિત વાત નિવેદન કરી. ગુરૂશ્રીએ પણ એને એની ઇચ્છા હતી એજ પ્રમાણે સઘળી લલુતા પડતી મૂકાવી ક્ષણભંગુર દુનિઆ–સંસાર ત્યજાવ્યો અને પ્રાન્તે મોક્ષ ફળ આપનાર એવું ઉત્તમ જે ચારિત્ર–સંવેગ તે ગ્રહણ કરાવ્યું. અપૂર્ણ.

For Private And Personal Use Only